અપીલ અરજી નં.૩૪૪ તા.૨–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી સંજય રમાશંકર મિશ્રા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય રમાશંકર મિશ્રાની તા.૯–૧૨–૧૦ ની અરજીથી અરિહંત માર્કેટ બિલ્ડીંગની ડાબી બાજુ જસ્ટ બગલમાં ચાલતા ચાર માળનો બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૪/૨૦૧૦–૧૧

શ્રી સંજય રમાશંકર મિશ્રાની તા.૯–૧૨–૧૦ ની અરજીથી અરિહંત માર્કેટ બિલ્ડીંગની ડાબી બાજુ જસ્ટ બગલમાં ચાલતા ચાર માળનો બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ જ પ્રતિભાવ મળેલ ન હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૮૮ તા.૧૧–૨–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૩૯ તા.૪–૩–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.સા.ઝોન/ટેક./૬૪૫ તા.૪–૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૯–૧૨–૧૦ ની અરજીથી અરિહંત માર્કેટ બિલ્ડીંગની ડાબી બાજુ જસ્ટ બગલમાં ચાલતા ચાર માળનો બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી તા.૨–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૪૫ તા.૪–૧–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે તેવું જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતો સાથે નકલ રજૂ કરી જણાવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં. (૧) અરિહંત માર્કેટ બિલ્ડીંગની ડાબી બાજુ જસ્ટ બગલમાં ચાલતા ચાર માળનો બાંધકામ બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરિહંત બિલ્ડીંગની બાજુમાં ચાલતાં બાંધકામની વિકાસ પરવાનગીની મંજુરી ઉધનાઝોનમાંથી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) ઉધના રોડ નં.૯ મોરારજી વસાહત શિવમનગરમાં જસ્ટ ઈલે. ડીપીની બાજુમાં ચાલતું બાંધકામ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધના રોડ નં.૯ મોરારજી વસાહત શિવનગરમાં ચાલંતા બાંધકામ બાબતે સ્પષ્ટ પ્લોટ નંબર તથા તેને લગતી વિગતો રજૂ કર્યેથી ઉધનાઝોન ખાતેથી માહિતી આપી શકાય. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ઉધના ઈન્ડ. એસ્ટેટ રોડ નં.૨ ગીંજીમીલ પાસે ચાલતાં બાંધકામ એમ.જી રોડ પર . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધના ઈન્ડ. એસ્ટેટ રોડ નં.૨ પાસેના બાંધકામ બાબતે સ્પષ્ટ પ્લોટ નંબર તથા તેને લગતી વિગતો રજૂ કર્યેથી માહિતી આપી શકાય. તેવું જણાવેલ છે. (૪) રોડ નં.૪ મહાત્માગાંધી રોડની જમણી બાજુની ગલીમાં બે માળનું ચાલતું બાંધકામ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રોડ નં.૪ મહાત્માગાંધી રોડ ખાતેના બાંધકામ બાબતે સ્પષ્ટ પ્લોટ નંબર તથા તેને લગતી વિગતો રજૂ કર્યેથી માહિતી આપી શકાય. ૫,૬,૭ ઉપરોકત દર્શાવેલ મુદ્દા નં.૨ થી ૪ વિશે લોકેશન પ્લોટ નંબર લખ્યેથી માહિતી આપી શકાય તેમ છે. ત્યાર બાદ અરજદારે મુદ્દા નં.(૧) આગળના ભાગમાં લખેલી બધી જગ્યાની માહિતી અલગ અલગ આપવા જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આગળના મુદ્દા નં.૧ ની માહિતી અલગ આપેલ છે જયારે મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી બાબતે પ્લોટ નંબર, સર્વે નંબર સ્પષ્ટ કરવા જણાવેલ છે. (૨) ઉપરોકત જગ્યાના ચાલતાં બાંધકામ મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરવામાં આવેલ છે કે કેમ? જે અંગે જાહેર માહિતી અધિકારીએ આગળના મુદ્દા નં.૧ ની માહિતી અલગ આપેલ છે જયારે મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી બાબતે પ્લોટ નંબર, સર્વે નંબર સ્પષ્ટ કરવા જણાવેલ છે. (૩) જો મહાનગરપાલિકા ધ્વારા મંજુરી આપવામાં આવેલ હોય તો કેટલા માળની અને કઈ સાઈઝમાં. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આગળના મુદ્દા નં.૧ ની માહિતી અલગ આપેલ છે જયારે મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી બાબતે પ્લોટ નંબર, સર્વે નંબર સ્પષ્ટ કરવા જણાવેલ છે. (૪) જો મહાનગરપાલિકા ધ્વારા મંજુરી આપેલ હોય તો અવૈધ બાંધકામ બાબત કઈ કાર્યવાહી નોટીસ વગેરેની કઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તેની નકલ આપવા. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આગળના મુદ્દા નં.૧ ની માહિતી અલગ આપેલ છે જયારે મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી બાબતે પ્લોટ નંર, સર્વે નંબર સ્પષ્ટ કરવા જણાવેલ છે. (૫) જો બધી જગ્યાના બાંધકામ કાયદેસર હોય તો મહાનગરપાલિકાના નિયમ પ્રમાણે સ્થળ સામે મંજુરીના બોર્ડ મારેલ છે કે કેમ? જે અંગે જાહેર માહિતી અધિકારીએ કોઈ માહિતી આપેલ નથી પરંતુ મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી બાબતે પ્લોટ નંબર, સર્વે નંબર સ્પષ્ટ કરવા જણાવેલ છે. (૬) આ વિસ્તારમાં શહેર વિકાસ અધિકારી અવૈધ બાંધકામ બાબતે શું કાર્યવાહી કરી શકે છે અને કેટલા દિવસમાં? મુદ્દા નં. ૨ થી ૪ ની માહિતીના પ્લોટ નંબર તેમજ સર્વે

નંબર સ્પષ્ટ કર્યેથી માહિતી આપી શકાય તેમ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. આમ અરજદાર તરફથી પ્લોટની ચોકકસ ઓળખ વિના માહિતી માંગવામાં આવેલ હોઈ અરજદાર લાગત મિલ્કત બાબતે ચોકકસ નામ નંબર પ્લોટ નંબર સહિતનું લોકેશન જણાવ્યેથી માહિતી આપવાની તૈયારી દર્શાવેલ છે. અરજદારે મુદ્દા નં.૫ થી જો બાંધકામ કાયદેસર હોય તો મનપાના નિયમ પ્રમાણે સ્થળ સામે મંજુરીના બોર્ડ મારેલ છે કે કેમ? તેવી માહિતી માંગેલ છે. જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં મુદ્દા નં.૧ અંગે વિકાસ પરવાનગી આપ્યાનું જણાવેલ પરંતુ મુદ્દા ન.૫ ની માહિતી આપેલ નથી. જે આપવા પાત્ર થાય તેવા મુદ્દા નં.૬ માં અવૈધ બાંધકામ અંગે શહેર વિકાસ અધિકારી શું કાર્યવાહી કરી શકે તેવી માહિતી માંગેલ છે. જે કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ હોવાનું અનુમાનિત છે. વધુ આ માહિતી સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવે તેથી તે માહિતી પણ આપવા પાત્ર થાય. જયારે અરજીના મુદ્દા નં.૨ થી ૪ માં અરજદારે ચોકકસ પ્લોટ કે સર્વે નંબર જણાવેલ નથી તેથી પ્રથમદર્શી રીતે જાહેર માહિતી અધિકારીએ અરજદારને જણાવેલ ચોકકસ પ્લોટ નંબરની વિગત રજૂ કરવા પ્રત્યુત્તર અનુચિત ગણાય નહી તેમ છતાં નિર્દિષ્ટ વિસ્તારનાં બિલ્ડીંગ ઈન્સ્પેકટર કે નિરીક્ષક ઈજનેર ધ્વારા વિસ્તારની મુલાકાતના અનુસંધાને કોઈ વિગતો દફતરે રજૂ કરેલ હોય તો અગર બાંધકામ પરવાનગી રજીસ્ટર આધારે આનુષાંગિક માહિતી આપી શકાય અને જો દફતરે તેવી કોઈ વિગતો રજૂ થયેલ ન હોય તો અરજદાર કક્ષાએ પૂરક વિગતો માટે આગ્રહ રાખી શકાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે મુદ્દા નં.૫ અંગે અરજદારની અરજીના મુદ્દા નં.૧ ના ઉપલક્ષ્યમાં હકીકતલક્ષી માહિતી તથા મુદ્દા નં.૬ જોગવાઈ અનુસારની માહિતી તેમજ મુદ્દા નં.૨ થી ૪ બાબતે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે ઉપલબ્ધ દફતરી ચકાસણી કરી હકીકતલક્ષી પ્રત્યુત્તર આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પાઠવવા અને તે ન હોય તો મુદ્દા નં.૨ થી ૪ પુરતું નિશ્ચિત પ્લોટ નંબરની વિગતો રજૂ કરવા અરજદારને સૂચિત કરવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટીઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સંજય આર. મિશ્રા